## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



અલ્યા વૃક્ષો વાવી વાવીને આખી જીંદગી ગઇ ... આપણો એકવાર પણ પેપરમાં ફોટો ન આવ્યો...!!



ગાંધીનગર મહાનગર પાલિકા ના મેલેરિયા વિભાગ દ્વારા સેક્ટર.૨૪ ઈન્દિરાનગર છાપરા અને સેક્ટર ૨૮ ના ચારેડી છાપરા માં જનજાગૃતિ અભિયાન અંતર્ગત નાટક ભજવાયું હતું જેમાં અરિહંત આર્ટ કૉમ્યૂનિકેશન સંસ્થા કલાકારો પૂજાબેન લખાવારા. કુસુમબેન. જાદવ નીતિનભાઈ શાહ અનિલભાઈ.રાજુભાઈ ઠાકોર તેમજ કલાકરો દ્વારા શેરીનાટક રાજુ કર્યું હતું જેમાં ઉપસ્થિત ગાંધીનગર મહાનગર પાલિકાનાબમેલેરિયા અધિકારી દશરથભાઈ ભાલીયા સાહેબ તેમજ આગળવાડી બેન અને આશાવર્કર બેન હાજર રહીને આરોગ્ય વિશે માહિતી પુરી પડી હતી જેમ કે ડેન્ગ્યુ મેલેરિયા અને ચિકનગુનિયા.પાણીજન્ય રોગો પર લોકો સમજણ આપી હતી કેવીરીતે સાવચેતી અને સલામતી રાખવી જોઈએ.તે સમજણ આપી હતી.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેરમાં આજે ફરફરિયો વરસાદ નોંધાયો હતો અને કપડાંઓ ના સુકાતા મહિલાઓની પરેશાની વધી હતી.

● ૧લી ઓગષ્ટથી જી-૨૦ અંતર્ગત મહિલા સશક્તિકરણને લઈ મહાત્મા મંદિરમાં બેઠકો યોજાશે.

● ગાંધીનગર શહેરમાં કાદવ-કીચડ અને ખાડાઓને લઈ નગરજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

● ગાંધીનગરમાં વય મર્યાદાને લઈ આજે વધુ કર્મચારીઓ સેવા નિવૃત્ત થશે.

● અડાલજ મુકામે અન્નપૂર્ણા ધામ ખાતે રાજ્યસભા સાંસદ નરહરિ અમીન પ્રદેશના સહ પ્રવક્તા હિતેન્દ્ર પટેલ સહિતના આગેવાનોએ મન કી બાતનો કાર્યક્રમ નિહાળ્યો હતો.

● ગાંધીનગર શહેરના વિવિધ વોર્ડમાં પણ ભાજપના હોદ્દેદારોએ મન કી બાત કાર્યક્રમ નિહાળ્યો હતો.

● વાસણ બાપુ કોલેજની બોયઝ હોસ્ટેલમાંથી વિદ્યાર્થીનો મોબાઈલ ફોન ચોરાયો.

● ગાંધીનગર એલ. સી. બી. -૨ એ મહેસાણા કલોલ હાઈવે પરથી ૫૭૬ લીટર દેશી દારૂ ઝડપી લીધો.

● કલોલમાં પરિવાર ઊંઘતો રહ્યો ને ઘરમાંથી દાગીના ચોરી તસ્કરો રફુચક્કર થયા.

● શ્રાવણ મહિનો નજીક આવતાં શકુનિઓની મોસમ પૂરબહારમાં ખીલી.

● કલોલ રોડ પર બે બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત, એકનું મોત એક ઈજાગ્રસ્ત.

● ઈન્ફોસીટી પોલીસે ભાઈજીપુરા ગામમાં જુગાર રમતા એકને દબોચી લીધો.

● ગાંધીનગરમાં રાંધેજા-રૂપાલ રોડ પર રીક્ષાની ટક્કરથી ઈજાગ્રસ્ત આધેડનું સારવાર દરમ્યાન મોત.

● ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ વાવોલમાં રખડતા પશુઓની સમસ્યાથી ગ્રામવાસીઓ પરેશાન.

● ગાંધીનગર શહેરના સે. ૨૨ ના રીંગ રોડની સેન્ટ્રલવર્જમાં સદ્ભાવના ટ્રસ્ટે વૃક્ષોનું વાવેતર કર્યું.

● ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની ફરિયાદો વધી.

# સે-૨માં ભાજપના નગરસેવકના ઘરમાંથી ૫ લાખની ચોરી

**સોના-ચાંદીના, ડાયમંડના દાગીના તેમજ રોકડા રૂપિયા લઈ તસ્કરો પલાયન**



ગાંધીનગર,તા.૩૦

શહેરના સેકટર-૨ એ ખાતે રહેતા ભારતીય જનતા પાર્ટીના વોર્ડ નં.૯ ના નગરસેવકના બંધ ઘરમાં તસ્કરોએ ત્રાટકી રૂ.૫ લાખથી વધુની મત્તાની ચોરી થવા પામી છે. ચોર શખ્સોએ ઘરના મુખ્ય દરવાજાનુ તેમજ જાળીનું લોક તોડી અંદર પ્રવેશી મંદિર-બેડરૂમની તિજોરીમાંથી સોના-ચાંદી, ડાયમંડ, કિંમતી ઘડીયાળ અને રોકડ રૂ.૧.૩૦ લાખ મળી કુલ રૂ.૫ લાખથી વધુની ચીજવસ્તુઓ લઈ ગયા છે. ઉલ્લેખનીય છે કે ડોકટર નગરસેવકના માતા-પિતા હરીદ્વાર ગયા છે અને તેઓ હોસ્પિટલ ફરજ પર હતા. તે સમયે ચોર શખ્સોએ ચોરીને અંજામ આપ્યો હતો. બનાવ અંગે નગરસેવકે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ચોર શખ્સોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર મહાનગર પાલિકા વોર્ડ નં.૯ ના ભાજપના નગરસેવક ડો.સંકેત પંચાસરા સેકટર-૨ એ પ્લોટ નં.૧૧૬૩-૨ ખાતે પરિવાર સાથે રહે છે. જયારે તેઓ વૈષ્ણોદેવી સર્કલ પાસે આવેલી કે.ડી.હોસ્પિટલમાં ડોકટર તરીકે અને તેમના પત્ની કિંજલબેન પણ અમદાવાદની વી.એસ હોસ્પિટલમાં ફરજ બજાવે છે. નગરસેવકના માતા-પિતા પાંચ દિવસથી હરીદ્વાર ગયા છે. ત્યારે ગત તા.૨૮ ના રોજ ડોકટરના પત્ની ડો.કિંજલબેન નોકરી પર ગયા હતા. જયારે સાંજના સમયે ઘરને લોક મારી ડોકટર મહાનગર પાલિકાની ઓફિસ ખાતે ગયા હતા. ત્યાંથી રાત્રીના સીધા કે.ડી.હોસ્પિટલ નોકરી પર ગયા હતા. ત્યારે ગતરોજ સવારે નોકરી પરથી પરત આવીને જોયુ તો ઘરના મુખ્ય દરવાજાનો તેમજ જાળી ખુલ્લી હાલતમાં હતી. દરવાજાનું ઈન્ટરલોલ અને જાળીનુ તાળુ તુટેલી હાલતમાં હતું. નગરસેવક ઘરમાં જઈ તપાસ કરતા બેડરૂમ-ભગવાનના રૂમમાં અને પ્રથમમાળે રાખેલા લાકડાના કબાટ અને લોખંડની તિજોરીઓ ખુલ્લી હાલતમાં હતી તેમજ સામાન વેર-વિખેર હાલતમાં પડ્યો હતો. જેથી ચોરી થઈ હોવાની જાણ થતા ડોકટરે તેમની પત્નીને ફોન કરી બનાવની વાત કરતા ગાંધીનગર આવી પહોંચ્યા હતા. જયારે ઘરમાં રહેલી તિજોરી તેમજ લાકડાના કબાટમાં તપાસ કરતા સોનાની ડાયમંડ-ડીઝાઈનવાળી બે વીંટી, એક જોડ કાનમાં પહેરવાની સોનાની ડાયમંડ જડેલી બુટ્ટી, એક હાથમાં પહેરવાનું સોનાનું કડું, આશરે પાંચ ગણપતિ-તેમજ લક્ષ્મીની ડીઝાઈનના ચાંદીના સિક્કા, સહિત એક અંબે માતાજીની ચાંદીની મૂર્તિ, રોકડા રૂ.૧.૩૦ લાખ મળી કુલ રૂ.૫ લાખથી વધુની ચીજવસ્તુઓ ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# કલોલના વાયણા ગામની જમીન બારોબાર વેચી મારવાનું કૌંભાડ

**વયોવૃધ્ધ ખેડુતની જમીન હડપ કરવાનું કાવતરુ, ખેડાના શખ્સ સામે ફરીયાદ**

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના વાયણા ગામના ખેડુતની જમીન બારોબાર વેચી મારવાનું કૌંભાડ સામે આવ્યું છે. ખેડુતની બનાવટી પાવર ઓફ એર્ટની અને સહીઓ કરી જમીન વેચાણનો દસ્તાવેજ કર્યો હતો. ત્યારે વયોવૃધ્ધ ખેડુતે ખેડાના ચાંદભાઈ અલ્લારખાભાઈ રાઠોડ સામે સાંતેજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લામાં જમીનના ભાવમાં ઉછાળો જોવા મળ્યો છે.ત્યારથી ભુમાફિયા સક્રિય થઈ ગયા છે. ખેડુતોની જમીન પચાવી પાડવા માટે કાવાદાવા કરતા હોય છે. ત્યારે કલોલના વાયણા ગામે પણ વયોવૃદ્ધ ખેડુતની જમીન પચાવી પાડવાનું કૌંભાડ સામે આવ્યું છે. વાયણા ગામના ૭૦ વર્ષિય ચેહરાજી ભલાજી ઠાકોર પરિવાર સાથે રહીને ખેતીકામ કરે છે. ખેડુતને સંતાનમાં બે દિકરા તેમજ એક દિકરી છે. વાયણા ગામની સીમમાં ખાતા નં.૫૯૩ માં આવેલ બ્લોક-સર્વે નં.૩૭૮, બ્લોક સર્વે નં.૪૦૩, સર્વે નં.૭૯૦ તમામ જમીન જુની શરતની છે. અને હાલ પણ રેવન્યુ રેકર્ડ ખાતે ખેડુતનું નામ ચાલી રહ્યું છે. ત્યારે ગત તા.૯ એપ્રિલના રોજ ખેડુતને સ્ટેમ્પ ડ્યુટીમાંથી પત્ર આવ્યો હતો.જેમાં તમારી ઉપરોકત જમીનની પાવર ઓફ એર્ટની આધારે દસ્તાવેજ થયો છે. જે અંગે તમારે સ્ટેમ્પ ડયુટી ભરવાની થાય છે. જેથી ખેડુતે નોટીસના જવાબમાં આજદીન સુધી કોઈને જમીન વેચાણ કરી નથી કે પાવર ઓફ એર્ટની કરી આપેલ નથી તેમ જણાવ્યું હતું. ત્યારબાદ ખેડુતે તમામ દસ્તાવેજની નકલ મેળવી હતી. જેથી ખેડુતને જાણ થઈ કે તમામ જમીન જુની શરતની છે અને તે જમીનનો જનરલ પાવર ઓફ એર્ટની તા.૧૩.૩.૧૯ ના રોજ રૂ.૧૦૦ સ્ટેમ્પ પર રાઠોડ ચાંદભાઈ અલ્લારખાભાઈ (રહે શાંતિનગર સોસાયટી ખેડા ) એ ખોટી સહીઓ અને બનાવટી પાવર ઉભો કર્યો હતો. જેથી ખેડુતે ખેડાના શખ્સ સામે ફરીયાદ નોંધાવી છે.

# ખોટુ પેઢીનામું તૈયાર કરી ભાગીદાર બની બે ઈસમે રૂ.૨૨ લાખની છેતરપિંડી આચરતા ફરીયાદ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના આલમપુર ગામના ખેડુતની બીએસએફની અંદર અને આલમપુર શાકમાર્કેટમાં ગયેલી વડીલોપાર્જીત જમીનમાં ખોટા ભાગીદાર બની તબક્કાવા રૂ.૨૨.૫૦ લાખની છેતરપિંડી આચરનારા કઠવાડાના બે શખ્સ સામે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના આલમપુર ગામના વિષ્ણુભાઈ જશુભાઈ પટેલ ચાર ભાઈઓ પૈકી બે મૃત્યુ પામ્યા છે.જયારે તેમના ફોઈ લલીબેનના કઠવાડા ગામે ભલાભાઈ ઈશ્વરભાઈ પટેલ સાથે લગ્ન થયા હતા. તેઓને એક દિકરી શોભનાબેન તેમજ એક દિકરો રામાભાઈ હતો. જયારે રામાભાઈ મરણ ગયેલ છે અને તેમને એક દિકરો જય છે. ત્યારે જિલ્લા કલેકટર સમક્ષ વિષ્ણુભાઈ પટેલે અરજી કરી હતી કે આલમપુર ગામની સીમના બ્લોક સર્વે નં.૨૪૮ જુનો સર્વે નં.૩૩૫માં વડીલોપાર્જીત જમીન આવેલી છે. જે જમીનમાં તેમના પિતાના અવસાન પછી વિષ્ણુભાઈનુ નામ હતું. ત્યારે વિષ્ણુભાઈના ફુવા એટલે કે લલીબેનના પતિ ભલાભાઈ ઈશ્વરભાઈ પટેલને બીજી પત્ની કંચનબેન હતા. જેનાથી ફુવા ભલાભાઈને દિકરો રણછોડભાઈ છે. જયારે કંચનબેનનુ પિયર બહીયલ થાય છે. ફરીયાદીના ફુવા ભલાભાઈ, ફોઈ લલીબેન અને કંચનબેન ત્રણેય જણા મરણ ગયેલ છે. ત્યારે રણછોડભાઈ ભલાભાઈ પટેલ તેઓ લલીબેનના દિકરા ન હોવા છતા આલમપુરની ગામની વડીલોપાર્જીત જમીન પચાવી પાડવા માટે નોટરી થકી કઠવાડા ગ્રામ પંચાયતમાં તલાટી પાસે ખોટુ પેઢીનામુ તૈયાર કરી વારસદાર હોવાનું સોંગદનામુ કર્યુ હતું. જયારે આ પેઢીનામામાં પંચ તરીકે નટવરભાઈ જીવાભાઈ પટેલ તેમજ કંચનબેન બાબુભાઈ પટેલ (બંન્ને રહે કઠવાડા) સહી કરી હતી. જો કે પંચ કંચનબેન પણ થોડા સમય પહેલા મરણ ગયા છે. બાદમાં ખોટા પેઢીનામાં આધારે આલમપુર ગામની ઉકત જમીનમાં રણછોડ પટેલે વારસાઈ નોંધ કરાવી ખોટા વારસદાર બની હકક ઉભો કર્યો હતો.ત્યારબાદ બીએસએફની અંદર સર્વે નં.૧૩૩ (જુનો નં ૧૫૬) ની જમીન હક્ક દાવો કર્યો હતો. આલમપુર શાકમાર્કેટની સર્વે નં.૨૨૮ જમીનમાં પણ ખોટા ભાગીદાર બની ટુકેડે ટુકડે રૂ.૧૫ લાખ તેમજ ચેકથી રૂ.૭.૫૦ લાખ લીધા હતા. ફરીયાદીની વડીલોપાર્જીત જમીનમાં ફોઈના લલીબેનના પિયર પક્ષ તરીકે ખોટી વારસાઈ કરાવી બીએસએફમાં જમીન ગઈ હતી.તે જમીનના રૂપીયાની અંદર ભાગ પડાવવા માટે ખોટા દાવાઓ કરવામાં આવતા હોવાથી રણછોડ પટેલ અને નટવર જીવાભાઈ પટેલ સામે છેતરપિંડી અનો વિશ્વાસઘાતનો ગુનો નોંધાયો છે.

# અસ્મિતા એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા પરિસંવાદ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને અસ્મિતા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે તા. ૨૮-૭-૨૦૨૩ના રોજ યુથ હોસ્ટેલ, ગાંધીનગર ખાતે મોહમ્મદ માંકડનું સાહિત્ય એ વિષય પર એક દિવસીય રાજ્યકક્ષાના પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભમાં સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ડો. ભાસ્કર શુક્લએ તમામને આવકાર આપીને પરિસંવાદની ભૂમિકા રજૂ કરી હતી. બીજરૂપ વક્તા, ગુજરાતના પ્રખર સાહિત્યકાર યશવંત મહેતાએ મોહમ્મદ માંકડના સમગ્ર સાહિત્યનો વિશદ પરિચય આપ્યો હતો અને યુવાપેઢીને મોહમ્મદ માકંડના સાહિત્યથી અવગત કરવાના બીજ રોપ્યા હતા. બીજા સેશનમાં ગાંધીનગરના કોલમ લેખક, ડૉ. કનૈયાલાલ ભટ્ટે મોહમ્મદ માંકડના નિબંધ સંગ્રહ કેલિડોસ્કોપની વિગતે છણાવટ કરી હતી. તેમની રસપ્રદ શૈલીમાં વકતવ્ય આપીને શ્રોતાઓને મોહમ્મદ માંકડની સાહિત્ય સેવાથી સુપેરે પરિચીત કરાવ્યા હતા.

ભોજન વિરામ બાદ પરિસંવાદના ત્રીજા વક્તા સાબરમતી કોલેજના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. ગાયત્રી દવેએ મોહમ્મદ માંકડની ટુંકી વાર્તાઓમાં તેમનો નારીવાદી અભિગમ, ગ્રામપરિવેશ, સમાજજીવનની વિટંબણાઓના આલેખનનો પરિચય આપ્યો હતો. જુદી જુદી ચાર કોલેજોના યુવાનોએ યુવાગોષ્ઠિમાં મોહમ્મદ માંકડ સક્રિય રીતે ભાગ લઈને મોહમ્મદ માંકડના સાહિત્ય પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. સમગ્ર પરિસંવાદનું સંચાલન આર્ટસ કોલેજ માણસાના અધ્યાપિકા ડૉ. વિજેતા ગામીતે કર્યુ હતુ. પરિસંવાદમાં યુવાનો, સાહિત્યરસિકોએ હાજરી આપીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# રાંધેજા-રૂપાલ માર્ગ પર રીક્ષાની ટક્કરે ગંભીર ઈજાથી આધેડનું મૃત્યુ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર નજીક રાંધેજા-રૂપાલ રોડ રામદેવપીર મંદિર સામે ગતરોજ ઢળતી બપોરે ચાલકે પોતાની રીક્ષા પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારીને ફરીયાદીના મોટાબાપા કડવાજી ઘેલાજી ઠાકોરને ટક્કર મારી અકસ્માત સર્જાયો હતો. જેમાં આધેડને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા સારવાર દરમિયાન મૃત્યુ નિપજયુ હતું. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ રાંધેજા રામદેવપીર મંદિરની સામે કૃષ્ણનગર ખાતે રહેતા લાલાજી જગાજી ઠાકોર છુટક મજુરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ફરીયાદીના પિતા જગાજી ઘેલાજી ઠાકોર અને તેમના મોટાબાપા કડવાજી ઘેલાજી ઠાકોર (ઉં.૫૦) વર્ષ છે. જેઓ ગામમાં અનાજ દળવાની ઘંટી ચલાવે છે.જયારે જેઓના મોટા બા પણ ખેત મજુરી કરે છે. ગત તા.૨૯ જુલાઈના રોજ સવારના આશરે આઠ વાગે ફરીયાદી મજુરી કામ માટે ગોતા અમદાવાદ ગયા હતા. જયારે સાંજના પોણા પાંચ વાગ્યાના સુમારે ગામના વ્યકિતએ ફોન કરી જણાવ્યું કે તારા મોટા બાપા કડવાજી ઠાકોરને રામદેવપીર મંદિર થી આગળ રાંધેજા રૂપાલ માર્ગ પર જતા હતા તે સમયે કોઈ અજાણી રીક્ષાના ચાલકે ટકકર મારી અકસ્માત થયો હતો. જેમાં માથાના ભાગે ગંભીર ઈજાને પગલે સારવાર માટે સિવિલ કડવાજીને ખસેડાયા હતા. ત્યારે યુવક ગોતાથી નીકળી ગાંધીનગર સિવિલ ખાતે જવા નીકળ્ય હતા તે સમયે જાણ થઈ કે મોટાબાપાને અમદાવાદ રીફર કરાયા છે.ત્યારે અમદાવાદ સિવિલ જતા યુવકે જોયુ તો તેના મોટાબાપાની ટ્રોમા વોર્ડની સારવાર શરુ હતી. ત્યારે સારવાર દરમિયાન ફરીયાદીના મોટાબાપાનું મૃત્યુ થયું હતું. બનાવ અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# પેથાપુર મનસુખ પાર્કમાંથી પલ્સર બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરમાં વાહનચોરીનો ઉપદ્રવ વધી જવા પામ્યો છે. નગરમાંથી આંતરે દિવસે વાહન ચોરીના બનાવ બને છે. શહેરમાં પહેલા ભીડભાડવાળી જગ્યા પરથી વાહન ચોરીના કિસ્સા સામે આવતા હતા.ત્યારે હવે ઘર પાસે પણ પાર્ક કરેલા વાહનો સલામત રહ્યા નથી. ત્યારે પેથાપુર મનસુખ પાર્ક સોસાયટીમાંથી પલ્સર બાઈકની ચોરી થવા પામી છે. બનાવ અંગે પેથાપુર પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. મળતી વિગત મુજબ પેથાપુર મનસુખ પાર્ક સોસાયટી મકાન નં.૧૬૬૭ ખાતે રહેતા રોનક ભરતકુમાર રાઠોડ પરિવાર સાથે રહે છે. જયારે રોનક જુના સચિવાલય ખાતે રજીસ્ટ્રાર સહકારી મંડળીમાં ફરજ બજાવે છે. યુવકે વર્ષ ૨૦૧૨ ના મોડલનું ૧૮૦સીસી પલ્સર બાઈક નં.જી.જે.૨૭.એલ.-૨૭૨૭ આઠ વર્ષ પહેલા ખરીદી કરી હતી. રોનક નોકરી એ આવવા જવા માટે બાઈકનો ઉપયોગ કરતો હતો. ગત તા.૨૪ ના રોજ રાત્રીના સમયે આશરે સાડા અગીયાર વાગ્યાની આસપાસ બાઈક મનસુખ પાર્ક ખાતે ઘરની પાછળના ભાગે પાર્ક કરી લોક માર્યુ હતું.જયારે બીજા દિવસે સવારના સાડા દશવાગે નોકરી પર જવા માટે બાઈક લેવા જતા પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. જેથી યુવકે રૂ.૧૫ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

# શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સે-૨૩ દ્વારા ઈનામ વિતરણ કાર્યક્રમ



ગાંધીનગર,તા.૩૦

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર સંચાલિત સેકટર-૨૩ શાખા દ્વારા તેમની શાખાનો ૨૫મો રજત જયંતિ ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થી ઓને પ્રોત્સાહન આપવા ઈનામ વિતરણ કરવામા આવેલા અને ધમાકેદાર સ્વર ગુંજન orkestra દ્વારા સુંદર ગીતો રજૂ કરવામાં આવેલા આ કાર્યક્રમમાં ગાંધીનગર ઉત્તરનાં માંન ધારાસભ્ય રીટાબેન કે. પટેલ, ગાંધીનગર મહાનગર પાલિકાનાં મેયર હિતેશભાઈ મકવાણા, સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરનાં પ્રમુખ નરેશભાઈ દવે, મહામંત્રી મુકેશ શુકલ ઉપપ્રમુખઓ, કોર્પોરેટર ગૌરાંગભાઈ વ્યાસ, હેમાબેન ભટ્ટ, પુર્વ પ્રમુખ કે. બી. વયાસ, પંકજ શુકલ મહીલા પ્રમુખ શ્રીમતી પ્રવીણાબેન વોરા, મંત્રી શ્રીમતી વિમળાબેન, શાખાનાં પ્રમુખ અને મંત્રીઓ ગૂજરાત કોંગ્રેસનાં ઉપ પ્રમુખ નીશીત વ્યાસ વગેરે મહાનુભવો અને મોટી સંખ્યામાં બ્રહ્મ સમાજ ના સભ્યઓ ઉપસ્થિત રહેલા કાર્યક્રમને સફળ બનાવવા સેકટર ૨૩ શાખાના પ્રમુખ મંથન ભટ્ટ, તપન ત્રિવેદી, પરેશ દવે, પૂનમભાઈ ભટ્ટ, મયંક ભટ્ટ જીતુભાઈ રાવલ, વગેરેએ જહેમત ઊઠાવી હતી અને કાર્યક્રમનું સફળ સંચાલન જયશ્રી ખેતિયા અને નરેન્દ્ર વ્યાસે કરેલ હતું કાર્યક્રમ નાં અંતે બધાએ ભેગા મળીને સ્વરૂચી ભોજન કરી છૂટા થયેલા.